પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૪૪ | ૨, ઓગસ્ટ ૨૦૨૦, રવિવાર; શ્રાવણ સુદ - ૧૪ | પાનાં - ૧૬ કિંમત રૂ. ૨.૦૦

## સલામ ગાંધીનગર પ્રણામ ગાંધીનગર

## ગાંધીનગર શહેરના ૫૬માં જન્મદિને સૌ નગરજનોને વંદન-અભિનંદન

# લિપુલેખમાં ચીને ૧૦૦૦ સૈનિકો ખડક્યા

**ભારતના અભિન્ન અંગ સમાન લિપુલેખ ફરી વિવાદમાં : ભારતે પણ વિસ્તારમાં સેના વધારી**

નવી દિલ્હી, તા.૧

ભારતના અભિન્ન અંગ સમાન લિપુલેખ ફરી એક વાર ચર્ચામાં આવ્યું છે અને આ વખતે ત્યાં નેપાળ નહીં પરંતુ ચીન કેન્દ્ર છે. લદાખમાં ચીન દાવો કરી રહ્યું છે કે તેણે ત્યાંથી પોતાના સૈનિકો હટાવી દીધા છે પરંતુ લિપુલેખમાં ચીને એક હજાર સૈનિક ખડકી દીધા હોવાના અહેવાલ સામે આવી રહ્યા છે.

લિપુલેખ એક એવી જગ્યા છે,જે ભારત-નેપાળ અને ચીની સરહદને જોડે છે. એવા મીડિયા અહેવાલ આવી રહ્યા છે કે ચીને એક બટાલિયન એટલે કે ૧૦૦૦થી વધુ સૈનિકો લિપુલેખની પાસે તૈનાત કરી દીધા છે અને તેના જવાબમાં ભારતે પણ હજાર સૈનિકો પોતાની સરહદ પર ખડકી દીધા છે. ભારત અને ચીનની વચ્ચે છેલ્લા ત્રણ મહિનાથી લદાખની લાઈન ઓફ એકચ્યુઅલ કંટ્રોલ પર તણાવ ચાલી રહ્યો છે. હજુ ત્યાં ચીની સૈનિકો તૈનાત હોવાની પુષ્ટિ થઈ રહી છે. ૧૫ જૂનને ચીની સૈન્યની તરફથી હુમલો કરાયો હતો, એવું છેલ્લા ૪૫ વર્ષમાં પહેલીવાર થયું હતું.

આ હિંસામાં ભારતના ૨૦ સૈનિકો શહીદ થઈ ગયા અને ચીનના ૪૦ જવાનો માર્યા ગયા અહેવાલ છે, પરંતુ ચીન આ વાત સ્વીકારવા તૈયાર નથી. ત્યારબાદ કમાન્ડર સ્તર પર ચીની અને ભારતીય સેનાઓની વચ્ચે કેટલીયે વાર વાતચીત થઈ, જેમાં બંને દેશો તરફથી સૈન્ય હટાવવાની સહમતી બની છે. ચીને દાવો કર્યો કે તેણે સરહદથી પોતાના સૈનિકો હટાવી દીધા છે, પરંતુ ભારતીય વિદેશ મંત્રાલય અને ભારતીય સૈન્યે આ વાતનું ખંડન કર્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, લિપુલેખ ભારત માટે વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વની જગ્યા છે. કેમ કે અહીંય ભારત, ચીન અને નેપાળની સરહદ મળે છે.

## ભારતમાં ઓક્સફર્ડ વેક્સિનના ટ્રાયલને મંજૂરીની ભલામણ

નવી દિલ્હી, તા.૧

ભારતમાં ઓક્સફોર્ડ યુનિવર્સિટીની કોરોના વેક્સીનના બીજા અને ત્રીજા ફેઝના ક્લિનિકલ ટ્રાયલ માટેનો માર્ગ મોકળો બની ગયો છે. સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ)ના નિષ્ણાતોની સમિતિએ સીરમ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયાને વેક્સીનના બીજા અને ત્રીજા સ્ટેજના ક્લિનિકલ ટ્રાયલની મંજૂરી આપવાની ભલામણ કરી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું છે કે સમગ્ર મૂલ્યાંકન બાદ સબ્જેક્ટ એક્સપર્ટ કમિટી (એસઈસી)એ ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીસીજીઆઈ)ને પોતાની ભલામણ મોકલી છે જેમાં સીરમ ઈન્સ્ટિટ્યુટને ઓક્સફોર્ડની વેક્સીન કેન્ડિડેટના બીજા અને ત્રીજા સ્ટેજના હ્યુમન ટ્રાયલની મંજૂરી આપવાની વાત કહેવામાં આવી છે.

## દેશમાં કોરોના પ્રકોપ : નવા ૫૭ હજાર કેસ

**કોરોનાના કુલ આંકડો ૧૭ લાખની નજીક : કોરોનાથી સ્વસ્થ થવાનો દર ૬૪.૫૧%, કુલ ૧૦,૯૪,૩૭૪ સ્વસ્થ થયા, ૫,૬૫,૧૦૩ એક્ટિવ કેસ**

ન્યુ દિલ્હી,તા.૧

આજથી સમગ્ર દેશમાં અનલોક-૩નો અમલ શરૂ થઇ ગયો છે ત્યારે ૧ જૂનથી શરૂ થયેલા અનલોક-૨ના છેલ્લાં દિવસે શુક્રવાર ૩૧ જુલાઈના રોજ કોરોના કેસોમાં વિસ્ફોટ સમાન અધધ..૫૭ હજાકથી વધારે કેસો સામે આવતાં ભારે હલચલ મચી ગઇ હતી.અનલોક-૩માં પણ વધુ છૂટછાટો જાહેર કરવામાં આવતાં કેસસો વધી શકે તેમ છે. આજે શનિવારે છેલ્લાં ૨૪ કલાકના એટલે કે શુક્રવારના આંકડા જાહેર કરવામાં આવ્યાં ત્યારે ૫૭,૪૮૬ કેસો સામે આવ્યાં હતા. અનને વધુ ૭૬૪ ના મોત પણ નોંધાયા હતા. કોરોના કેસોએ અત્યારસુધીના તમામ રેકોડ તોડી નાંખ્યા છે અને કેસો વધવાને બદલે હવે ૫૦ હજારની પીક પકડી હોય તેમ ૫૦ હજારની ઉપર કેસો બહાર આવી રહ્યાં છે. આ સાથે કોરોના સંક્રમિતોની સંખ્યાના હિસાબે ભારત વિશ્વનો ત્રીજો સૌથી અસરગ્રસ્ત દેશ બની રહ્યો છે. રોજેરોજના કેસો પણ હવે જાણે કે અમેરિકાની નજીક જઇ રહ્યાં છે..આ સાથે જ સંક્રમિતોની સંખ્યા હવે ૧૭ લાખ નજીક પહોંચી ગઈ છે ગણતરીના કલાકોમાં ૧૮ લાખને પાર થઈ જશે. સૌથી વધુ કેસો અનલોક-૨ના જૂન માંસમાં નોંધાયા છે. બીજી તરફ મૃતકોની સંખ્યા પણ ૩૬ હજારને પાર થઈ ગઈ છે. સંક્રમણના મામલામાં આંધ્રપ્રદેશ સૌથી અસરગ્રસ્ત રાજ્ય બન્યું છે. ગઈકાલે આંધ્રમાં ૧૦,૩૭૬ કેસો નોંધાયા હતા.



## હિન્દુસ્તાન શીપયાર્ડ કેમ્પસમાં ક્રેન તૂટતાં અગિયારનાં મોત

**વિશાખાપટ્ટનમમાં દુર્ઘટના ક્રેન ઓવરલોડ હોવાના કારણે થઈ હોવાની શક્યતા ટ્રેડ યુનિયન લિડરે વ્યક્ત કરી**



વિશાખાપટ્ટનમ, તા.૧

વિશાખાપટ્ટનમમાં હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેના કેમ્પસમાં એક ક્રેન પડવાથી ૧૧ લોકોના મોત થયા છે. ડીસીપી સુરેશ બાબુએ જણાવ્યું કે, આ દુર્ઘટનામાં એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ પણ થયો છે. પોલીસ કમિશનર રાજીવ કુમાર મીણાએ કહ્યું છે કે, આ ઘટના શનિવારે બપોરે ૧૨ વાગે થઈ હતી. ટ્રેડ યૂનિયન લીડરે કહ્યું કે, ક્રેન ઓવરલોડ હોવાના કારણે દુર્ઘટના થઈ હોવાની શક્યતા છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે, ક્રેનનું રિપેરિંગ કામ ચાલી રહ્યું હતું. ઓફિસર અને ક્રેનના ઓપરેટર્સ તેનું ઓપરેટિંગ જોવા ગયા હતા તે જ સમયે દુર્ઘટના થઈ હતી. માનવામાં આવે છે કે, મૃતકોની સંખ્યામાં વધારો પણ થઈ શકે છે. કેમકે ક્રેન નીચે અમુક લોકો દબાયા હોવાની શક્યતા છે. શિપયાર્ડના ઓફિસર અટેન્ડેન્સ રેકોર્ડ ચેક કરી રહ્યા છે જેથી ઘટના સમયે ત્યાં કેટલા લોકો હશે તેની માહિતી મળી શકે. ૐજી- દેશનું સૌથી જૂનુ શિપયાર્ડ છે. તેની સ્થાપના ૧૯૪૧માં સિંધિયા સ્ટીમશિપ નેવિગેશન કંપની અંતર્ગત ઉદ્યોગપતિ વાલચંદ હીરાચંદે કરી હતી.

## સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા અને સાંસદ અમરસિંહનું નિધન

નવી દિલ્હી, તા.૧



દેશના ચર્ચાસ્પદ મહાનુભવ અને રાજ્યસભાના સાંસદ અમરસિંહનું ૬૪ વર્ષની વયે અવસાન થયું છે. અમરસિંહ છેલ્લા કેટલાક વર્ષોથી સિંગાપુરની એક હોસ્પિટલમાં દાખલ હતા. તેમની કિડની ટ્રાન્સપ્લાટન્ટ કરાઈ હતી. સમાજવાદી પાર્ટીના કદાવર નેતા રહેલા અમરસિંહ છેલ્લા છ મહિનાથી સિંગાપુરમાં પોતાની સારવાર કરાવી રહ્યા હતા. અમરસિંહ સમાજવાદી પાર્ટીના વડા રહેલા મુલાયમસિંહ યાદવના અંગત વિશ્વાસુઓમાં સામેલ હતા. એ વર્તમાનમાં ઉત્તરપ્રદેશથી રાજ્યસભાના સાંસદ હતા, તેમને ૨૦૧૬માં સંસદના ઉપલાગૃહ માટે પસંદ કરવામાં આવ્યા હતા. તેમની રાજકીય સફરની શરુઆત ૧૯૯૬માં રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાવા સાથે શરુ થઈ હતી.

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે શોક વ્યક્ત કરતાં કહ્યું કે,'વરિષ્ઠ નેતા અને સાંસદ શ્રી અમરસિંહના અવસાનના સમાચારથી દુખની અનુભૂતિ થઈ છે.







પતરાળુ
ખમણ હાઉસ

*લોકડાઉન*
અનલોક -૧ અનલોક -૨ તથા અનલોક-૩
પછી ફરીથી
એકવાર નવી શરુઆત
૧- સોસ્યિલ ડીસ્ટન્સ
૨-સેનિટાઈઝર
૩- માસ્ક
સાથે એક નવા રુપમાં
પતરાળુ
નો શુભારંભ કરીએ છીએ.
તા:-૨-૮-૨૦ થી પતરાળુ પર પધારો
અને
*અમારા ફરસાણ નો સ્વાદ માણો
*આભાર*



માન... મર્યાદા... મોભો...
- સ્પે. વાટીદાળના ખમણ
- મરીવાળા ખમણ
- ટમટમ ખમણ
- સ્પે.નવરંગ ખમણ (સ્વીટ)
- સેવખમણી
- ખાંડવી
- પાત્રા
- સેન્ડવીચ ઢોકળા

સેક્ટર-૧૧, અખબાર ભવન
-: સંપર્ક :- 9904014433

VISHESH
Changing Children's Lives...



EDUCATION CENTER
FOR SPECIALLY CHALLENGED CHILDREN

ગાંધીનગરના ૫૬માં સ્થાપના દિને મનોદિવ્યાંગ બાળકોને પદ્ધતિસરની તાલીમ અને કેળવણી આપી તેમને મુખ્યધારામાં જોડવા સતત કાર્યશીલ સંસ્થા 'વિશેષ એજ્યુકેશન સેન્ટરની સંચાલક સંસ્થા

જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન

તરફથી ચેરમેન અનુપ બી. પરીખ તથા ટ્રસ્ટીગણ અને 'વિશેષ'ના તમામ સ્ટાફ મિત્રો દ્વારા શુભેચ્છાઓ...

VISHESH EDUCATION CENTRE

VISHESH Changing Children's Lives...
EDUCATION CENTER
FOR SPECIALLY CHALLENGED CHILDREN
M. : 7574010008
Website : www.visheshschool.org
Add. : Plot No. 307, Sector - 1/C, Gandhinagar